ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

નંબર :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૯૦/૨૦૨૨, તા.૧૧/૦૭/૨૦૨૨

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/30/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૪/૦૭/૨૦૨૨ થી તા.૧૦/૦૭/૨૦૨૨** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) જયપુર સીટી પોલીસ સ્ટેશન રાજ્ય -રાજસ્થાન ગુમ જા.જોગ.નં.૪૨/૨૦૨૨ તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ ગુમ થનાર સવિતાબેન વા/ઓ રમાકાંત શર્મા તથા તેની પુત્રી તનવી રમાકાંત શર્મા ઉ.વ.૮ રહે.૧૭૦/૨૯ સેકટર-૧૭, પ્રાતનગર, સાંગાનેર, પ્રાતનગર સેકટર,જયપુર રાજય-રાજસ્થાનને કિર્તિમંદિર પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ.શ્રી એમ.બી.કારાવદરા તથા પો.સ્ટાફના માણસોએ મહીલા તેમજ બાળકી પોરબંદર સુદામાચોક ખાતે હોવાની હકિકત મળતા હકિકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા એક અસ્થીર મગજ જેવી લાગતી મહીલા તેમજ તેની સાથે એક બાળકી ખાદી ભંડાર પાસે બેઠેલ હોય. જેથી તેને કીર્તિમંદિર પો.સ્ટે.ખાતે લાવી પુછપરછ કરતા પોતે પ્રાતનગર,સાંગાનેર,જયપુર રાજય-રાજસ્થાનવાળી હોવાનુ જણાવતા રાજસ્થાન રાજ્યના જયપુર સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી રાજસ્થાન જયપુર સીટી પોલીસ તેમજ મહીલાના પતિ આવતા તેઓને સહી સલામત સોપી આપી માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તેમજ જયપુર સીટી પો.સ્ટે.જાણ કરેલ છે. તેમજ કીર્તીમંદીર પો.સ્ટે.ની સ્ટેડા.એન્ટ્રી નં.૧૧/૨૨ તા.૦૯/૦૭/૨૨ ક.૧૭/૪૫ વાગ્યે નોધ કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી :-**

(૧) તા.૦૪/૦૭/૨૦૨૨ થી તા.૧૦/૦૭/૨૦૨૨ દરમ્યાન હાર્બર મરીન પો.સ્ટે. ના સી ટીમના કર્મચારીઓ દ્વારા જાવર વિસ્તાર માં કામ પરથી મોડી રાત્રે ના મજુરી પર થી ઘરે જતી મહીલાઓને સી-ટીમ તથા ડાયલ ૧૦૦ નંબર વિશે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ અને કોઈ તકલીફ કે મુશ્કેલી હોય તો સી-ટીમ તથા ડાયલ ૧૦૦ નંબર પર જાણ કરવા સમજ કરેલ. તેમજ કુછડી તથા ઓડદર ગામ માં પેટ્રોલીંગ ફરી સીનીયર સિટીઝન ની મુલાકાત લીધેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો** :-

(૧) તા.૦૪/૦૭/૨૦૨૨ થી તા.૧૦/૦૭/૨૦૨૨ દરમ્યાન ઉદ્યોગનગર પો.સ્ટે. ના થાણા અધિકારી તથા સ્ટાફ ના માણસો દ્વારા પો.સ્ટે. ના અલગ-અલગ વિસ્તારમા યુવાનોને દારૂ, જુગાર, તંબાકુ તેમજ અન્ય વ્યસનોથી થતા સામાજીક, આર્થિક, વ્યવસાયિક નુકશાન, તેમજ દારૂ તંબાકુ થી શરીરમા થતા અનેક ભયંકર રોગો/બીમારીઓથી થતી હેરાનગતી, તેમજ કૌટુંબીક પારીવારીક નુક્શાન વિગેરે બાબત સમજ કરી, તેમજ યુવાનોને વ્યસનમુક્તિ માટે શપથ લેવડાવવા માં આવેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર